આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

મનોવૃત્તિ સુગંધ સમાન છે,
તે છુપાવાથી નથી છુપાતી
- સંત રોબિન

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૨ | ૩ એપ્રિલ, ૨૦૧૪, ગુરૂવાર; ચૈત્ર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રાજયમાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ

## પ્રથમ દિવસે ૪ ઉમેદવારી પત્રો ભરાયા; બે અપક્ષ અને બે રાજકીય પક્ષોના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી : ગાંધીનગર, કચ્છ, બનાસકાંઠા અને વડોદરામાં ફોર્મ ભરાયા

ગાંધીનગર, તા. ૨
રાજયમાં ૧૬મી લોકસભાની રચના માટેની તેમજ ૧૩મી વિધાનસભાની ખાલી પડેલી સાત બેઠકોની પેટા ચૂંટણી યોજવા અંગેની પ્રક્રિયાનો આજથી વિધિવત પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે જ લોકસભાની ચૂંટણી માટે ૪ ઉમેદવારોએ આજે તેમની ઉમેદવારી નોંધાવી છે. જેમાં ૨ અપક્ષ ઉમેદવારો અને બે રાજકીય પક્ષોના ઉમેદવારો છે.

કચ્છ અને બનાસકાંઠા સંસદીય મતવિસ્તાર માટે બે રાજકીય પક્ષોના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે ગાંધીનગર અને વડોદરા બેઠક માટે બે અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

કચ્છની અનામત બેઠક માટે ભાજપના શ્રી વિનોદ ચાવડાએ તો બનાસકાંઠા બેઠક માટે રાષ્ટ્રીય જનતા દળના શ્રી જગદીશ પટેલે આજે ઉમેદવારી નોંધાવી છે. ગાંધીનગર બેઠક માટે શ્રી રાજ પ્રજાપતિ અને વડોદરા બેઠક માટે કે. પદ્મરાજને અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## સાત લાખથી વધુ નવા મતદારો

ગાંધીનગર, તા. ૨
રાજયમાં મતદાર યાદીની પ્રસિધ્ધિ બાદ સાત લાખથી વધુ નવા મતદારોને શોધી કાઢવામાં પંચને સફળતા મળી હોવાનો દાવો રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી અનિતા કરવાલે કર્યો છે.

તેમણે જણાવ્યું હતુ કે મતદાર યાદીમાં સતત સુધારણા દરમિયાન એક રસપ્રદ બાબત એ પણ ધ્યાને આવી છે કે રાજયમાં નવ લાખ જેટલા મતદારોએ સ્થળાંતર કર્યું છે.

તેમણે જણાવ્યું હતું કે નવા નોંધાયેલા મતદારોના નામોને સમાવવા સહિતની કામગીરી ૧૦મી એપ્રિલ સુધીમાં સંપન્ન કરી દેવામાં આવશે. આ પછી ૧૫ એપ્રિલથી ૨૫ એપ્રિલ દરમિયાન વોટર સ્લીપ અને નવા એપિક કાર્ડનું વિતરણ હાથ ધરવામાં આવશે.

શ્રીમતી કરવાલે જણાવ્યું હતું કે પંચના પ્રયાસોને ભારે પ્રતિસાદ સાંપડયો છે તે આંકડાઓ જ સ્વયં સ્પષ્ટ દર્શાવે છે. તેમણે આજે એવી પણ જાહેરાત કરી હતી કે નર્મદા જિલ્લામાં આજે ૪૦ હજારથી પણ વધુ મતદારોએ સ્વચ્છ મતદાન માટે પ્રતિજ્ઞાપત્ર પર હસ્તાક્ષર કરતાં તે એક વિક્રમ તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યો છે અને આ ઘટના ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન પામી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે મતદારોની જાગૃતિ માટે આ વખતે લગભગ દરેક જિલ્લામાં યુનિક કામગીરી કરવામાં આવી રહી છે.

શ્રીમતિ કરવાલે જણાવ્યું હતું કે મતદાર સુધારણા ઝુંબેશ દરમિયાન ડુપ્લીકેટ અરજીઓ પણ મળવાની બાબતો ધ્યાન પર આવી છે એટલે હવે રાજયમાં કઈ લોકસભામાં કેટલા મતદારો વધ્યા તે અંગેનું ચિત્ર ૧૦મીના રોજ સ્પષ્ટ થશે.

## આપના વધુ ૬ ઉમેદવારોની જાહેરાત

ગાંધીનગર, તા. ૨
ગુજરાતમાં વિધાનસભાની સાત બેઠકોની યોજાનાર પેટા-ચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ આજે છ બેઠકના તેના ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

જેમાં લાઠી માટે મહેરામ માંજરિયા, વિસાવદર માટે ધીરૂભાઈ ભાખર, અબડાસા માટે સાવજરાજસિંહ સોઢા, માંડવી માટે પ્રવિણભાઈ વસાવા, હિંમતનગર માટે ઉમરભાઈ ખાનુસિયા અને સોમનાથ બેઠક માટે રઝાકભાઈ બલોચનો સમાવેશ થાય છે.

કચ્છની રાપર બેઠક માટે હજુ ઉમેદવારના નામની ઘોષણા પાર્ટીએ કરી નથી. આજ જિલ્લાની અબડાસા બેઠક માટે સૌથી યુવા ઉમેદવાર તરીકે શ્રી સાવજરાજસિંહ સોઢાની પસંદગી કરી છે જે માત્ર ૨૬ વર્ષની વય ધરાવે છે.

સુરત લોકસભા માટે મોહનભાઈ પટેલ અને કચ્છ માટે ગોવિંદભાઈ દાનેચાની પસંદગી કરી છે.




પરીક્ષાનો માહોલ પરાકાષ્ટાએ - ધોરણ-૧૦, ૧૨ની પરીક્ષા બાદ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષા આરંભાઈ છે... વિદ્યાર્થીઓ હજુ પણ પરીક્ષાના માહોલમાં જ છે. માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક શાળાઓમાં પણ શાળાકીય વાર્ષિક પરીક્ષાઓ મોટાભાગની શાળાઓમાં આરંભાઈ ચૂકી છે અને કેટલાકમાં એકાદ બે દિવસમાં આરંભાશે... આમ પરીક્ષાનો માહોલ પરાકાષ્ટાએ પહોંચી રહ્યો છે... એપ્રિલના ત્રીજા અઠવાડિયાઓમાં મોટાભાગની પરીક્ષાઓ સંપન્ન થશે... અને વેકેશનનો માહોલ છવાશે... (તસવીર : દિપક જાની)

## NEWS બિટ્સ

### ● સોનિયા પાસે કાર નથી

યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધીએ રાયબરેલીથી આજે ફોર્મ



ભર્યુ હતુ. તેમાં સંપતિની વિગતોમાં તેઓએ જાણકારી આપી છે કે તેમની પાસે કુલ નવ કરોડની સંપત્તિ છે. જો કે તેમની પાસે પોતાની કાર નથી. કેટલીક સંપત્તિ તેઓનું રોકાણ છે. સોનિયા પાસે લગભગ છ કરોડની જમીન છે અને ૨૩ લાખના જર-જવેરાત છે. તેઓને ઈટાલીમાં પણ કેટલીક જમીન વારસામાં મળી છે.

### ● અડવાણી મોદીના વખાણ કરે છે

અડવાણીની નારાજગી હવે ધીમે ધીમે દૂર થઈ રહી હોય



તેમ લાગી રહ્યું છે. મહારાષ્ટ્રના અહમદનગર ખાતે યોજાયેલી એક રેલીમાં અડવાણીએ મોદીના ભરપેટ વખાણ કર્યા હતા. તેઓએ કહ્યુ હતુ કે મોદી દેશમાં પરિવર્તન લાવશે. જો ભાજપ સત્તામાં આવશે તો ભારતનો નકશો બદલાઈ જશે. તેમણે લોકોને અપીલ કરતા જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવો, દેશમાં સારી સરકાર લાવો અને પછી જુઓ કેવો ચમત્કાર થાય છે.

### ● આબોહવા પરિવર્તનથી ભારતમાં અનાજ-પાણીની અછતની ચેતવણી

ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનને રોકવા માટે તાત્કાલિક અસરકારક પગલાં લેવામાં નહી આવે તો સમગ્ર દક્ષિણ એશીયાને આફતનો સામનો કરવો પડશે. ખાસ કરીને ભારતને અનાજ અને પાણીની ગંભીર કટોકટીનો સામનો કરવાનો વખત આવશે. સંયુક્ત રાષ્ટ્રસંઘની પેનલ દ્વારા આબોહવા પરિવર્તનના જારી કરાયેલા રીપોર્ટમાં આ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. આબોહવા પરિવર્તનથી કૃષિ, પાણી તથા સામાજીક ક્ષેત્રે પડનારા પ્રત્યાઘાતો વિશે ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.

### ● હવે 'નમો' અને 'રાગા' ટેબ્લેટ તાવ-કળતરમાં રાહત રહેશે

ચૂંટણી જવરને નહી પરંતુ ખરેખર આવેલા તાવને ઉતારી દે



તેવી ટેબ્લેટ 'નમો' અને 'રાગા' બજારમાં મુકવામાં આવી છે. એક ફાર્માસ્યુટીકલ કંપનીએ નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીના નામને દવા સાથે જોડીને આ ટેબ્લેટને બજારમાં ઉતારી છે. હવે આ બંને દવા સામાન્ય તાવ-શરદી માટે ચપોચપ વેચાઈ રહી છે.

### ● આપના બે ઉમેદવારોએ ટીકીટ પરત કરી

આમ આદમી પાર્ટીની ટીકીટ પરત આપવાની હોડમાં વધુ બે ઉમેદવારો જોડાયા છે. જાલંધરથી 'આપ'ના રાજેશ યાદવ અને કૌસંબીથી શ્રીધરને ટીકીટ પરત કરી છે. અલગ અલગકારણોસર અત્યાર સુધી ડઝનથી વધારે ઉમેદવારોએ આપની ટીકીટ પરત કરી છે.



હરે કૃષ્ણ - હરે રામની ધૂન સાથે ઈસ્કોન મંદિરની શોભાયાત્રા નિકળી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

## ગાંધીનગરમાં પ્લોટોની હરાજી વધુ એક વખત મુલત્વી રખાઈ

### પ્લોટોની હરાજી માટે રજીસ્ટ્રેશનની મુદતમાં ૧૭ મે સુધીનો વધારો કરવાનો નિર્ણય : ૯૦થી વધુ પ્લોટ્સની હરાજી યોજાવાની હતી

ગાંધીનગર, તા. ૨
ગાંધીનગર શહેરમાં રહેણાંક અને વાણિજ્યના પ્લોટોની હરાજી માટે રજીસ્ટ્રેશનની મુદતમાં ૧૭ મે સુધીનો વધારો કરવાનો નિર્ણય જિલ્લા વહીવટીતંત્રએ કર્યો છે.

એક દસકા કરતાં પણ વધુ સમય બાદ પાટનગરમાં પ્લોટોની હરાજી ઈ.ટેન્ડરીંગથી યોજવાની જાહેરાત કરાઈ હતી. તંત્રએ આ પ્લોટોની હરાજી માટે બીજીવાર મુદત લંબાવવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે પ્રથમ વખત પ્લોટોની હરાજીને લઈ લોકોએ કરેલી રજુઆતને ધ્યાને લઈ આ મુદતમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રથમ જ વાર ઈ. ટેન્ડરીંગથી હરાજીની પ્રક્રિયા હાથ ધરાઈ રહી હોવાથી લોકોને પુરતી સમજ આપવામાં આવે તેમજ થોડોક સમય વધારવો જોઈએ તેવી રજુઆત સરકારમાં અને તંત્ર સમક્ષ થઈ હતી.

આ પછી તંત્રએ પણ તેની શરતોમાં લોકોની રજુઆત સાંભળી સુધારા સૂચવી સરકાર સમક્ષ દરખાસ્ત રજુ કરી છે. ૩૦મી માર્ચ સુધી આ મુદત લંબાવવાનો નિર્ણય તંત્રના અધિકારીઓએ કર્યો હતો.

આ પછી તંત્રને હરાજીમાં પ્લોટ મેળવવા ઈચ્છુકોની સંખ્યા નહિવત્ જણાઈ છે. મળતી વિગતો પ્રમાણે ૪૦ જેટલા જ ઈચ્છુકોએ હજુ સુધી રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. આ ઉપરાંત ચૂંટણીની આચારસંહિતા અને ચૂંટણીની અગ્રતાના ધોરણની કામગીરીને ધ્યાને લઈ હવે તંત્રએ વધુ એક વખત રજીસ્ટ્રેશનની મુદત ૧૭મી મે સુધી લંબાવવાનો નિર્ણય કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે પ્લોટોની હરાજીમાં ૩૯,૮૭૫થી લી ૬૧,૮૭૫ સુધીના ભાવો તળિયાની કિંમતના દર્શાવાયા હોવાથી જમીન ખરીદનારાઓની સંખ્યા પણ ઓછી જણાઈ રહી છે. રહેણાંક વાણિજ્ય વિસ્તારમાં પ્લોટોની તળિયાની કિંમત ૧ ચો.મી.ની આટલી ઊંચી હોવાથી અને બજારમાં પણ મંદીનો માહોલ છવાયેલો હોવાનું સ્પષ્ટ બન્યું છે.

તંત્રએ તો હાલ આ મુદતમાં વધુ એક વખત વધારો કર્યો છે. ઈ. ટેન્ડરીંગથી ૯૦ થી વધુ પ્લોટોની હરાજી યોજાવાની હતી જેમાં કોર્પોરેટ હોસ્પિટલ માટે તેમજ ડૉક્ટર હાઉસના પ્લોટોનો પણ સમાવેશ થાય છે.

## દહેગામમાં પૂતળા દહનનો કાર્યક્રમ આચાર સંહિતાનો ભંગ

### પોલીસ ફરિયાદ દાખલ : રાજયમાં ૧૪૮ ફરિયાદો આચારસંહિતા ભંગની મળી છે : સૌરભ પટેલના પ્રત્યુત્તરની રાહ જોવાય છે : ચૂંટણી અધિકારી

ગાંધીનગર, તા. ૨
દહેગામ વિધાનસભા મત વિસ્તારમાં ઉમેદવારની પસંદગી સામે રોષ વ્યકત કરવા માટે અપાયેલા પૂતળા દહનના કાર્યક્રમને આચારસંહિતાનો ભંગ ગણી પોલીસ ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાનો દહેગામ વિધાનસભા મત વિસ્તાર જે અમદાવાદ પૂર્વ લોકસભા મત વિસ્તારમાં આવે છે. આ બેઠકના વર્તમાન સાંસદશ્રી હરિન પાઠકને બદલે શ્રી પરેશ રાવલનું નામ જાહેર કરાતાં ભાજપના કાર્યકરોએ શ્રી રાવલના પૂતળાંનું દહન કર્યું હતું.

આ કાર્યક્રમને લઈ તંત્ર પાસેથી જરુરી કોઈ મંજૂરી લેવામાં આવી ન હતી આથી આચાર સંહિતા ભંગ ગણી પંચે આ અંગે પોલીસ ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય કરી અને એફ.આઈ.આર. પણ નોંધાવવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં આચાર સંહિતા ભંગની અત્યાર સુધીમાં ૧૫ ફરિયાદો નોંધાઈ છે. જેમાં એક કેસમાં પોલિસ પરિયાદ થતાં જિલ્લાના રાજકીય વાતાવરણમાં ગરમાવો આવી જવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર











## મતદાનની વિડીયોગ્રાફી કરાશે

લોકશાહીની આધારશીલા સમાન સામાન્ય ચૂંટણી મુકત, ન્યાયી અને પારદર્શક વાતાવરણમાં સંપન્ન થાય અને તેમાં ચૂંટણી કાયદાઓ તેમજ સ્થાયી સૂચનાઓનું ચુસ્ત અમલીકરણ થાય એ હેતુથી ભારતના ચૂંટણી પંચે ચૂંટણી સંબંધી કામગીરીના અમલીકરણના તેમજ ચૂંટણી પ્રચાર કરતા ઉમેદવારો અને તેમના રાજકીય પક્ષોના મહત્વપૂર્ણ બનાવોની વિડીયોગ્રાફી કરવા જણાવ્યું છે. ચૂંટણી આચારસંહિતાનો અસરકારક અમલ, ઉમેદવારો અને રાજકીય પક્ષોના ચૂંટણી ખર્ચ, જાણીતા અને અગ્રગણ્ય નેતાઓની જાહેર સભાઓ, ભાષણો, સરઘસો વગેરેની સાચી અને વિશ્વસનીય રીતે દસ્તાવેજી વિગતો ઉપલબ્ધ થાય એ માટે અગત્યના અને મહત્વના બનાવોનું વિડીયો રેકોર્ડીંગ કરાવવા ચૂંટણી પંચ દ્વારા નિમાયેલા ચૂંટણી અધિકારીઓ, જિલ્લા ચૂંટણી અધિકારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલા તમામ અધિકારીઓને સૂચન આપી દેવામાં આવી છે એમ રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી અનિલા કરવલે જણાવ્યું છે.

## મતદાન મથકમાં મોબાઈલ પર પ્રતિબંધ

ભારતના ચૂંટણી પંચે લોકસભાની ચૂંટણી ૨૦૧૪ તથા સાત વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય એ હેતુથી મતદાન મથકમાં મતગણતરી મથકમાં તેમજ મતદાન મથક આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈ પણ વ્યકિતના સેલ્યુલર મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વગેરેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકયો છે, એમ મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજયની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## પોલીંગ એજન્ટ મતદાર યાદી રાખી શકશે

ઉમેદવારોએ નિયુક્ત કરેલા તેમના મતદાન એજન્ટો મતદાન દરમિયાન મતદાન મથકની અંદર મતદાર યાદી તેમની પાસે રાખી શકશે અને જે કોઈપણ મતદાતા એમનું મતદાન પૂર્ણ કરે ત્યારે મતદાન એજન્ટ તેમની પાસેની મતદાર યાદીમાં તે મતદારના નામની સામે 'ટીક માર્ક' નિશાની કરી શકશે. જો કે મતદાન પ્રક્રિયા સંપૂર્ણ રીતે પુરી ન થાય ત્યાં સુધી કોઈપણ એજન્ટ તેમની સાથેની મતદાર યાદી મતદાન મથકની બહાર લઈ જઈ શકશે નહી તેમજ કયા ક્રમાંક પરના મતદારે મતદાન કર્યુ છે અને કયા ક્રમાંકના મતદારોએ મતદાન કર્યુ નથી તેની માહિતી દર્શાવતી કાપલી મતદાન પ્રક્રિયા દરમિયાન મતદાન એજન્ટ મતદાન મથક બહાર મોકલી શકશે નહી, એમ ભારતના ચૂંટણી પંચ દ્વારા જણાવ્યું હોવાનું મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજયની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## મતદાન મથકમાં ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી પ્રતિબંધિત

લોકસભાની ચૂંટણી-૨૦૧૪ અને સાત વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણીમાં પ્રત્યેક મતદાતાનો મત ઔચિત્યપૂર્ણ રીતે ગુપ્ત રહે એ માટે ભારતના ચૂંટણી પંચે અધિકૃત કર્યા હોય એ સિવાયની કોઈપણ વ્યક્તિ મતદાન મથકમાં ફોટોગ્રાફી કે વિડીયો રેકોર્ડીંગ કરી શકશે નહી. કોઈપણ અનઅધિકૃત વ્યક્તિ દ્વારા મતદાન મથકમાં ફોટોગ્રાફી કે વિડીયો રેકોર્ડીંગ કરતા જણાશે તો તેમની સામે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૨૮ની જોગવાઈ મુજબ કાનૂની પગલાં લેવાશે. જેમાં મતની ગુપ્તતા જાળવવામાં ભંગ કરનારને ત્રણ મહિના સુધીની કેદ અથવા દંડ કે બન્નેની સજાની જોગવાઈ છે, એમ મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય દ્વારા જણાવાયું છે.

આ અંગે વધુ વિગતો આપતા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ જણાવ્યું છે કે, મતદારનો મત ગુપ્ત રહે એ માટે ચૂંટણી પંચની ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની બાબતમાં આપવામાં આવેલી આ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા રાજ્યના સંબંધિત ચૂંટણી અધિકારીઓને સુચનાઓ આપવામાં આવી છે. આ અંગેની કોઈપણ ચૂક ન થાય એ માટે સંબંધિત પ્રિસાઈડીંગ ઓફિસરની જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવી છે.